જળ સંપત્તિ વિભાગના કામો કરતા જુદા
જુદા ઈજારદારોની નોંધણી એબેયન્સમાં
મૂકવા, કાળીયાદીમાં મૂકવા કે અન્ય સજા
કરવા.અંગેની કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવા
બાબત

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક આર.ઇ.જી/૨૦૦૬(૫)/ક-૧)
તા. ૧૫/૧૧/૨૦૧૩

**આમુખ :-**

જળ સંપત્તિ વિભાગના કામો કરતા જુદા જુદા ઈજારદારોની નોંધણી એબેયન્સમાં મૂકવા, કાળીયાદીમાં મૂકવા કે અન્ય સજા કરવા અંગેની તમામ દરખાસ્તો સંબંધિત કા. ઈ. શ્રી/અ. ઈ. શ્રીઓ દ્વારા સરકારશ્રીમાં મોકલી આપવામાં આવે છે. જેમાં સરખા પ્રકારની ખામી માટે અલગ અલગ ભલામણો અનુસાર નિર્ણયોમાં ઘણીજ વિસંગતતાઓ જોવા મળે છે. આવા પ્રકારની વિસંગતતાઓ નિવારવા માટે ઈજારદારોની નોંધણી એબેયન્સમાં મૂકવા, કાળીયાદીમાં મૂકવા કે અન્ય સજા કરવા.અંગેની કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવા અંગેની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

**આદેશ :-**

(૧) પાંચ કરોડ સુધીના કામોમાં પ્રશ્નો અંગે ઈજારદારોની નોંધણી એબેયન્સમાં મૂકવા/કાળીયાદીમાં મૂકવા કે અન્ય સજા કરવા માટેની દરખાસ્તો સંબંધીત કાર્યપાલક ઈજનેરશ્રી/ અધિક્ષક ઈજનેરશ્રીએ દરખાસ્તનો વિગતે અભ્યાસ કરી પોતાના મંતવ્યો સહિત દરખાસ્ત જે તે ઝોનની રજીસ્ટ્રેશન અંગેની ત્રણ અધિક્ષક ઈજનેરોની સમિતિ સમક્ષ રજુ કરવાની રહેશે. અને આ સમિતીએ સંબંધિત ઇજારદારશ્રીઓને રૂબરૂ બોલાવી તેમની રજુઆતો સાંભળીને , એક માસની સમય મર્યાદામાં સમિતિએ પોતાનો અભિપ્રાય ભલામણ સાથેની દરખાસ્ત સરકારશ્રી માં રજુ કરવાની રહેશે અને તે અંગે આખરી નિર્ણય સરકારશ્રી કક્ષાએ લેવામા; આવશે.

(૨) પાંચ કરોડ ઉપરની કિંમતના કામો અંગે ઈજારદારને એબેયન્સમાં મૂકવા/કાળીયાદીમાં મૂકવા કે અન્ય સજા માટેની દરખાસ્તો સંબંધીત અધિક્ષક ઈજનેરશ્રીએ દરખાસ્તનો વિગતે અભ્યાસ કરી પોતાના મંતવ્યો, ભલામણ સહિત દરખાસ્ત એક માસમાં મુખ્ય ઈજનેરશ્રીઓની સમિતિમાં રજુ કરવાની રહેશે. આ દરખાસ્ત

અંગેનો નિર્ણય પ્રવર્તમાન મુખ્ય ઈજનેરશ્રીઓની સમિતિએ ઈજારદારશ્રીને રૂબરૂમાં સાંભળીને એક માસની સમય મર્યાદામાં લઈ સંબંધિત ક્ષેત્રિય અધિક્ષક ઈજનેરશ્રીને જાણ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી(જ.સં)
ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ ગાંધીનગર
૩. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ,સચિવાલય, ગાંધીનગર
૪ સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
૫ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)
૬. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-3, જ,એમઆઇસેલ,ક-૭)
૭. સીલેકટ ફાઇલ